Extra No. 7
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] FRIDAY, JANUARY 2, 2026 / PAUSA 12, 1947

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**વંચાણમાં લીધું ::-**

- કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણના પત્ર જા.નં.ડીપી/પીબી/વશી/૩૪૭૫-૭૮/૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫

**-:: જાહેરનામું ::-**

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનો :-**

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૭૧૦૮ થી ૧૭૧૭૦/૨૦૨૫.-કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણએ પત્ર જા.નં.ડીપી/પીબી/વશી/૩૪૭૫-૭૮/૨૦૨૫, તા.૨૦/૧૨/૨૦૨૫ થી સુજનીપુર થી પાટણ રોડ વાયા સબજેલ વાળા રસ્તાની ચે. ૦/૦૦૦ થી ૦/૬૦૦ કી.મી. સુધીની લંબાઈમાં સી.સી.રોડ તથા સી.સી. ગટરલાઈનની કામગીરી કરવા માટે ટ્રાફીક ડાયવર્ટ કરવાની જરૂરીયાત હોય આ રોડનો ટ્રાફીક સુજનીપુર થી પાટણ સુધી વાયા સબજેલ સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાનો થાય છે. જેથી વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર તા. ૧૫/૧૨/૨૦૨૫ થી સી.સી. રોડ તથા સી.સી. ગટરલાઈનનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોનો ટ્રાફીક બંધ કરી નીચે મુજબના વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

| ક્રમ | હાલનો રૂટ | વાહનનો પ્રકાર | વૈકલ્પિક રૂટ |
|---|---|---|---|
| ૧. | સુજનીપુર ગામથી વાયા સબજેલથી પાટણ તરફ | બધા જ પ્રકારના વાહનો | સુજનીપુરથી પાટણ-શિહોરી હાઈવેથી શિતળામાતા ચોકડી સુધીના રોડથી સુર્યનગરથી બિરસામુંડા ચોકથી અઘારા દરવાજા પાટણ જશે |
| ૨. | પાટણથી વાયા સબજેલથી સુજનીપુર તરફ | બધા જ પ્રકારના વાહનો | અઘારા દરવાજા પાટણથી બિરસામુંડા ચોકથી સૂર્યનગરથી શિતળામાતા ચોકડીથી પાટણ-શિહોરી હાઈવે સુધીના રોડથી સુજનીપુર જશે |

સબબ, સુજનીપુર થી પાટણ રોડ વાયા સબજેલ વાળા રસ્તાની ચે. ૦/૦૦૦ થી ૦/૬૦૦ કી.મી. સુધીની લંબાઈમાં સી.સી.રોડ તથા સી.સી. ગટરલાઈનની કામગીરી કરવાની થતી હોઈ આ રસ્તા પરના તમામ પ્રકારના વાહનોનો ટ્રાફીક બંધ કરી તમામ પ્રકારના વાહન વ્યવહારને વૈકલ્પિક રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ (IAS), જિલ્લા મેજિસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની

રૂએ સુજનીપુર થી પાટણ રોડ વાયા સબજેલ વાળા રસ્તાની ચે. ૦/૦૦૦ થી ૦/૬૦૦ કી.મી. સુધીના રસ્તા ઉપરથી તમામ વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા સદર સમયગાળા દરમ્યાન નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

| ક્રમ | હાલનો રૂટ | વાહનનો પ્રકાર | વૈકલ્પિક રૂટ |
|---|---|---|---|
| ૧. | સુજનીપુર ગામથી વાયા સબજેલથી પાટણ તરફ | બધા જ પ્રકારના વાહનો | સુજનીપુરથી પાટણ-શિહોરી હાઈવેથી શિતળામાતા ચોકડી સુધીના રોડથી સુર્યનગરથી બિરસામુંડા ચોકથી અઘારા દરવાજા પાટણ જશે |
| ૨. | પાટણથી વાયા સબજેલથી સુજનીપુર તરફ | બધા જ પ્રકારના વાહનો | અઘારા દરવાજા પાટણથી બિરસામુંડા ચોકથી સૂર્યનગરથી શિતળામાતા ચોકડીથી પાટણ-શિહોરી હાઈવે સુધીના રોડથી સુજનીપુર જશે |

**-:: અમલવારીનો સમયગાળો ::-**

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

**- :: શિક્ષા ::-**

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તારીખ : /૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

**તુષાર ભટ્ટ,**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

-------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.01.23 19:21:35 IST